

કામકાજનો ટૂંકો અહેવાલ

છઠ્ઠી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

(તા. ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૮૧ થી તા. ૧૬મી જુલાઈ, ૧૯૮૧)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.



પ્રસ્તાવના

આ પ્રકાશનમાં છઠ્ઠી ગુજરાત વિધાનસભાના ચોથા સંત્ર (તા. ૬ઠ્ઠી જુલાઇ, ૧૯૮૧ થી તા. ૧૬મી જુલાઇ, ૧૯૮૧)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૮૧

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	છઠ્ઠી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર (તા. ૬ઠ્ઠી જુલાઇ, ૧૯૮૧થી ૧૬મી જુલાઇ, ૧૯૮૧)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ. ...	૧
૨.	પત્રક ક્રમાંક--૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી.	૧૨
૩.	પત્રક ક્રમાંક--૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય.	૧૩
૪.	પત્રક ક્રમાંક--૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી	૧૪
૫.	પત્રક ક્રમાંક--૪ સભ્યોની તારીખવાર હાજરી.	૨૪
૬.	પત્રક ક્રમાંક--૫ તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	૨૫
૭.	પત્રક ક્રમાંક--૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ...	૨૬
૮.	પત્રક ક્રમાંક--૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ...	૨૮
૯.	પત્રક ક્રમાંક--૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ...	૩૦
૧૦.	પત્રક ક્રમાંક--૯ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (પસાર થયેલાં) સરકારી વિધેયકો.	૩૨
૧૧.	પત્રક ક્રમાંક--૧૦ સન ૧૯૮૧--૮૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ. ...	૩૬
૧૨.	પત્રક ક્રમાંક--૧૧ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ--૧૦૦).	૪૭
૧૩.	પત્રક ક્રમાંક--૧૨ ટૂંક સમયની ચર્ચા (નિયમ--૧૧૨).	૪૦
૧૪.	પત્રક ક્રમાંક--૧૩ ધ્યાન દોરતી સૂચના (નિયમ--૧૧૬).	૪૧
૧૫.	પત્રક ક્રમાંક--૧૪ દાખલ કરવાના બિન સરકારી વિધેયકો.	૪૩

ક્રમાંક ૧	વિષય ૨	પાના નંબર ૩
૧૬.	પત્રક ક્રમાંક--૧૫ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બાકી રહેલાં બિન સરકારી વિધેયકો.	૪૪
૧૭.	પત્રક ક્રમાંક--૧૬ બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)	૪૭
૧૮.	પત્રક ક્રમાંક--૧૭ વિધાનસભાના પક્ષોમાં થયેલા ફેરફારોની તારીખવાર માહિતી. ...	૪૮
૧૯.	પત્રક ક્રમાંક--૧૮ ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર યાદી. ...	૫૦
૨૦.	પત્રક ક્રમાંક--૧૯ રોજે રોજના કામકાજનો સારાંશ.	૫૨
૨૧.	પત્રક ક્રમાંક--૨૦ વિધાનસભાઓની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો. ...	૭૪
૨૨.	પત્રક ક્રમાંક--૨૧ શોક દર્શક ઉલ્લેખો.	૯૬
૨૩.	પત્રક ક્રમાંક--૨૨ વિભાજન.	૯૭

છઠ્ઠી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

૧. છઠ્ઠી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર સોમવાર, તા. ૬ ઠ્ઠી જુલાઈ, ૧૯૮૧ના રોજ શરૂ થયું હતું અને ગુરુવાર, તા. ૧૬મી જુલાઈ, ૧૯૮૧ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૯ દિવસ મળી હતી અને તેમાં ૯ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૩૨ કલાક અને ૫૮ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક—૧**માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય **પત્રક ક્રમાંક—૨**માં આપવામાં આવ્યા છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૫૩ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૩૬ હતી. સરેરાશ હાજરી ૧૪૫ હતી. સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી **પત્રક ક્રમાંક—૩** તથા સભ્યોની તારીખવાર હાજરી **પત્રક ક્રમાંક—૪**માં દર્શાવવામાં આવી છે.

તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

૪. સત્ર દરમિયાન ૪૩ ટૂંકી મુદતના પ્રશ્નોની, ૯૯૨ તારાંકિત પ્રશ્નોની અને ૫૨૬ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી **પત્રકો ક્રમાંક ૫, ૬, ૭ અને ૮**માં આપવામાં આવી છે. સત્ર શરૂ થયું તે પહેલાં કુલ ૧૦ દિવસો માટે તારાંકિત પ્રશ્નોત્તરી રાખવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ પાછળથી સત્ર તા. ૧૬-૭-૮૧ના રોજ પૂરું થવાથી તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના મૂળ કાર્યક્રમમાં દર્શાવેલ દિવસો પૈકી છેલ્લા બે દિવસોના તારાંકિત પ્રશ્નો સભાગૃહ માં રજૂ થઈ શકયા નહોતા. તેથી આ બે દિવસોના તારાંકિત પ્રશ્નોને અતારાંકિત ગણવામાં આવ્યા હતા. તેથી ખરેખર ૮ દિવસો માટે પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. પ્રશ્નો સંબંધેની કેટલીક રસપ્રદ વિગતો નીચે મુજબ છે :—

(૧) સત્ર દરમ્યાન ૩ ટૂંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા અને બધા પ્રશ્નો ઉપર મૌખિક પ્રશ્નોત્તરી થઈ હતી.

(૨) સત્ર દરમ્યાન કુલ ૪૪૩ તારાંકિત પ્રશ્નો સભાગૃહમાં રજૂ થયા હતા. તેમાંથી ફકત ૮૮ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

(૩) કુલ ૮ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીઓમાં વધારેમાં વધારે એટલે કે ૮૨ પ્રશ્નો તા. ૧૦-૭-૮૧ની યાદીમાં અને ઓછામાં ઓછા એટલે કે ૩૮ પ્રશ્નો તા. ૧૬-૭-૮૧ની યાદીમાં હતા.

(૪) સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોમાંથી વધારે માં વધારે ૧૪ પ્રશ્નોના તા. ૧૩ અને ૧૪-૭-૧૯૮૧ના રોજ અને ઓછામાં ઓછા ૯ પ્રશ્નોના તા. ૮, ૧૦ અને ૧૬-૭-૧૯૮૧ના રોજ સભાગૃહમાં મૌખિક જવાબો આપવામાં આવ્યા હતા.

સરકારી વિધેયકો

૫. સત્ર દરમિયાન સન ૧૯૮૧ના વિધેયકો ક્રમાંક ૩૧, ૩૨, ૪૩, ૪૪, ૪૬ અને ૫૦ એમ કુલ ૬ સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને પહેલા, બીજા અને ત્રીજા વાંચન બાદ પસાર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ગયા સત્રમાં દાખલ થયેલ પરંતુ બાકી રહેલાં સન ૧૯૮૧નાં વિધેયક ક્રમાંક ૨૩ અને ૨૫ પણ પસાર કરવામાં આવ્યાં હતાં. આમ સત્ર દરમ્યાન કુલ ૮ વિધેયકો પસાર થયાં હતાં. **(જુઓ પત્રક ક્રમાંક—૯)**

પસાર થયેલાં સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૬. વિધેયકનું વર્ગીકરણ

(૧)	મુંબઈ રાજ્યના અધિનિયમોને સુધારતાં વિધેયકો	૪
(૨)	ગુજરાત રાજ્યનાં અધિનિયમોને સુધારતાં વિધેયકો	૨
(૩)	મૂળ વિધેયકો	૨
	કુલ	૮

૭. વિષયવાર વર્ગીકરણ

(૧)	કર તથા નાણાંકીય બાબતોને લગતાં વિધેયકો	૨
(૨)	જમીન અને મહેસૂલની બાબતોને લગતાં વિધેયકો	૨
(૩)	સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને લગતાં વિધેયકો	૧
(૪)	મજૂર બાબતોને લગતાં વિધેયકો	૧
(૫)	અન્ય બાબતોને લગતાં વિધેયકો	૨
	કુલ	૮

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલાં રાષ્ટ્રપતિ કે રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં વિધેયકો.

૮. સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ/ રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

અનુ-ક્રમાંક	વિધેયકોનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતિ મળી	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૨	૪
૧.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૧૧--સન ૧૯૮૧નું મુબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિ	૭-૭-૮૧
૨.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૧૯૮૧નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ અને ઔદ્યાગિક તકરાર (ગુજરાત સુધારા) વિધેયક	રાષ્ટ્રપતિ	૮-૭-૮૧
૩.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૧૯૮૧નું ગુજરાત કારખાનાના કામદારોને બેકારી ભથ્થું આપવા બાબત વિધેયક.	રાષ્ટ્રપતિ	૭-૭-૮૧
૪.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૩-સન ૧૯૮૧નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક	રાજ્યપાલ	૭-૭-૮૧
૫.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૪-સન ૧૯૮૧નું ગુજરાત વેચાણવેરા (દ્વિતિય સુધારા) વિધેયક	રાજ્યપાલ	૭-૭-૮૧
૬.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૫-સન ૧૯૮૧નું ગુજરાત જાહેર નાણાં (લેણાં વસૂલાત) (સુધારા) વિધેયક	રાષ્ટ્રપતિ	૭-૭-૮૧
૭.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૧૯૮૧નું ગુજરાત વિધાનસભાના સભ્યો અને અધ્યક્ષ, મંત્રીઓ અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાં અંગેના કાયદા (સુધારા) વિધેયક	રાજ્યપાલ	૭-૭-૮૧

નાણાકીય કામકાજ

ખર્ચનું પૂરક પત્રક.

૯(ક) **રજૂઆત.**— સન ૧૯૮૧-૮૨ના વર્ષ માટેનું રૂા. ૪૦,૭૧,૭૩,૦૦૦ના ખર્ચનું પૂરક પત્રક મંગળવાર, તા. ૭મી જુલાઈ, ૧૯૮૧ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૪૦,૬૫,૫૫,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૬,૧૮,૦૦૦ હતી.

(ખ) **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન.**—પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન મંગળવાર, તા. ૧૪મી જુલાઈ, ૧૯૮૧ના રોજ થયું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૪૬ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી કુલ ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(જુઓ પત્રક ક્રમાંક—૧૦)** પસંદ કરાયેલી પૂરક માગણીઓ અને તે પરની કાપદરખાસ્તો પર એકી સાથે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાને અંતે રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. ત્યારબાદ ગુરુવાર, તા. ૧૬મી જુલાઈ, ૧૯૮૧ના રોજ ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

(ગ) **કાપ દરખાસ્તો.**—પૂરક માગણીઓ ઉપર કુલ ૩૯ કાપ દરખાસ્તો આવી હતી. બધીજ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૩૯ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતા કુલ ૨૩ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ચર્ચાને અંતે બધી કાપદરખાસ્તો સભાગૃહે નામંજૂર કરી હતી.

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૦૦)

૧૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૦ અન્વયે વૈધાનિક પ્રસ્તાવની એક સૂચના સત્ર દરમિયાન દાખલ કરવામાં આવી હતી, આ ઉપરાંત ગયા સત્રમાં દાખલ કરેલ અને સમયના અભાવે હાથ ન ધરાયેલ કુલ ૬ સૂચનાઓ હતી. પરંતુ સમયના અભાવે એકપણ પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકી ન હતી. **(જુઓ પત્રક ક્રમાંક—૧૧).**

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ--૯૩).

૧૧. રાજ્યની છઠ્ઠી પંચવર્ષીય યોજનાના ખરડા પર વિચારણા કરવા અંગે નિયમ-૯૩ અન્વયે એક સરકારી પ્રસ્તાવ દાખલ કરવામાં આવ્યો હતો, તેના ઉપર તા. ૭મી અને ૮મી જુલાઈ, ૧૯૮૧ના રોજ ગૃહમાં વિચારણા કરવામાં આવી હતી.

ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૧)

૧૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૪ સૂચનાઓ મળી હતી તે પૈકી ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી મચ્છુ ડેમ તપાસ પંચની કાર્યવાહી અંગે સમિતિ નિમવા બાબતની સૂચનાને કામકાજ સલાહકાર સમિતિની પેટા સમિતિએ ચર્ચા માટે ગૃહમાં હાથ ધરવા માટે પસંદ કરી ન હતી.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

૧૩. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૩૩ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૭મી જુલાઈ, ૧૯૮૧ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં જેમને અગ્રતા મળી હતી તે સભ્યશ્રી જીતુભાઈ પરમારે ઘોવાણવાળી જમીનના વિકાસ અંગે પગલા લેવા અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તા. ૧૬ મી જુલાઈ, ૧૯૮૧ના રોજ ચર્ચા થઈ હતી.

ટૂંક સમયની ચર્ચા

૧૪. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા કુલ ૧૭ સૂચનાઓ આવી હતી જે પૈકી ૧૬ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી અને દૂધના વધતા જતા ભાવ અંગેની સૂચના દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચના બુધવાર તા. ૧૧મી જુલાઈ, ૧૯૮૧ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવી હતી. પરંતુ બાબત ન્યાયાધીન હોવાના કારણે ગૃહમાં તે પર ચર્ચા થઈ શકી ન હતી. **(જુઓ પત્રક ક્રમાંક—૧૨)**

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ--૧૧૬)

૧૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૮૪ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૬૭ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૧૭ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૮ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. તે ૮ સૂચનાઓ સંબંધે લાગતા વળગતા મંત્રીશ્રીઓએ ગૃહમાં નિવેદન કર્યા હતાં. **(જુઓ પત્રક ક્રમાંક—૧૩)**

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)

૧૬. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ સત્ર દરમિયાન જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ નિવેદન કર્યા હતા.

અ. નં.	નિવેદનનો વિષય (ટૂંકમાં)	નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ	નિવેદન કર્યાની તારીખ.
૧	૨	૩	૪
૧.	સુરતની શાંતિનાથ સીલ્ક મિલનું મકાન તૂટી પડવાના બનેલ ગમખ્વાર બનાવ અંગે.	શ્રી પ્રબોધ રાવળ, ગૃહમંત્રીશ્રી	તા. ૧૦-૭-૧૯૮૧
૨.	ભારે વરસાદ અંગે	શ્રી અમરસિંહ ચૌધરી, સિંચાઈ મંત્રીશ્રી.	તા. ૧૦-૭-૧૯૮૧
૩.	ભારે વરસાદ અંગે.	શ્રી અમરસિંહ ચૌધરી, સિંચાઈ મંત્રીશ્રી	તા. ૧૩-૭-૧૯૮૧
૪.	સુરતની શાંતિનાથ સીલ્ક મિલનું મકાન તૂટી પડવાથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે	શ્રી માધવસિંહ સોલંકી, મુખ્ય મંત્રીશ્રી	તા. ૧૩-૭-૧૯૮૧
૫.	નશાબંધી નીતિની તપાસણી માટે કમિશન નિમવા અંગે.	શ્રી સનત મહેતા, નશાબંધી મંત્રીશ્રી	તા. ૧૬-૭-૧૯૮૧

બિન સરકારી વિધેયકો

દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો

૧૭. સત્ર દરમિયાન એક બિન-સરકારી વિધેયક સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક—૧૪)

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો

૧૮. સત્ર દરમ્યાન પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના કુલ ૧૬ બિન-સરકારી વિધેયકો હતાં. તેમાંથી ૩ વિધેયકો દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યાં હતાં. પરંતુ પ્રભારી સભ્યશ્રીઓએ વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો ન હતો. **(જુઓ પત્રક ક્રમાંક—૧૫)**

બિન-સરકારી સંકલ્પો (નિયમ--૧૧૭)

૧૯. બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૧૬મી જુલાઇ, ૧૯૮૧નો દિવસ ફાળવવામાં આવ્યો હતો. બિન સરકારી સભ્યોના સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૩૨ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ તા. ૯મી જુલાઇ, ૧૯૮૧ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં અગ્રતા મેળવનાર ત્રણ સભ્યોમાંના એક સભ્યશ્રીએ સંકલ્પની સૂચના આપી ન હતી. જ્યારે બે સભ્યોએ એક એક સંકલ્પની સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. "સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામોની વિગતો માટે **(જુઓ પત્રક ક્રમાંક—૧૬)**

સભાગૃહનું અવમાન

૨૦. સત્ર દરમિયાન તા. ૭-૭-૮૧ના રોજ સભાગૃહની પ્રેક્ષકદીર્ઘામાંથી ચાર વ્યકિતઓએ સુત્રોચ્ચાર કરી સભાગૃહમાં પત્રિકાઓ ફેંકી હતી. સભાગૃહમાં આ પ્રકારનું કૃત્ય કરવા બદલ ગૃહના સલામતી સ્ટાફે આ ચારે વ્યકિતઓને તુરત જ પકડી લીધી હતી. ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ગૃહમાં નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો :—

> " ગૃહની પ્રેક્ષક દીર્ઘામાં હમણાં જે બનાવ બન્યો તે સભાગૃહનું અવમાન છે આથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે અવમાનકર્તાઓને આજની સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી કસ્ટડીમાં રાખવામાં આવે. "

ઉપર્યુકત પ્રસ્તાવ સભાગૃહે વિના વિરોધે પસાર કર્યો હતો. અને અવમાનકર્તાઓને ગૃહની બેઠક પૂરી થઈ ત્યાં સુધી સાર્જન્ટ એટ આર્મ્સની કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૨૧. સત્ર દરમિયાન કુલ ૪ પોઈન્ટ ઓફ ઓર્ડર ઊઠાવવામાં આવ્યા હતા તેમાંથી ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો હતો એટલે કે ૨૫ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. બાકી રહેલા ૩ પોઈન્ટ ઓફ ઓર્ડર બાબતમાં અધ્યક્ષશ્રી-એ એવો નિર્ણય આપ્યો હતો કે તે પોઈન્ટ ઓફ ઓર્ડર ન હતા.

સમિતિઓની બેઠકો

૨૨. સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી.

અ.નં.	સમિતિનું નામ.	બેઠકની તારીખ
૧	૨	૩
૧.	કામકાજ સલાહકાર સમિતિ	૬-૭-૧૯૮૧
૨.	કામકાજ સલાહકાર સમિતિની પેટા સમિતિ	૧૪-૭-૧૯૮૧
૩.	જાહેર સાહસો માટેની સમિતિ	૧૫-૭-૧૯૮૧
૪.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	૧૫-૭-૧૯૮૧
૫.	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ (૧)	૭-૭-૧૯૮૧
	(૨)	૧૪-૭-૧૯૮૧

વિધાનસભામાં રજૂ થએલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૨૩. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા / ચર્ચાયા હતા.

અ.નં.	અહેવાલ	રજૂ થયા તારીખ	ચર્ચાયાની તારીખ
૧	૨	૩	૪
૧.	કામકાજ સલાહકાર સમિતિ		
	ચૌદમો અહેવાલ	૭-૭-૧૯૮૧	૭-૭-૧૯૮૧
૨.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ		
	ચૌદમો અહેવાલ	૮-૭-૧૯૮૧	૮-૭-૧૯૮૧
	પંદરમો અહેવાલ	૧૫-૭-૧૯૮૧	૧૫-૭-૧૯૮૧
૩.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ		
	બીજો અહેવાલ	૧૬-૭-૧૯૮૧	૧૬-૭-૧૯૮૧

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો

૬૪. સત્ર દરમિયાન નીચેના કાગળો (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

અ.નં	વિગત	મેજ ઉપર મૂક્યા તારીખ
૧.	ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમનો સન ૧૯૭૫--૭૬નો પાંચમો વાર્ષિક અહેવાલ	૭-૭-૮૧
૨.	ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૧૯૭૭--૭૮નો અઢારમો વાર્ષિક અહેવાલ	૮-૭-૮૧
૩.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સને ૧૯૮૦--૮૧નું વાર્ષિક અંદાજપત્રક	૯-૭-૮૧
૪. અને ૫.	ગિરનાર સ્કુટર્સ અને લિમિટેડના સન ૧૯૭૯ના તથા ૧૯૮૦ ના વાર્ષિક અહેવાલો અને હિસાબો	૧૪-૭-૮૧
૬.	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૭૮-૭૯નો વાર્ષિક ઓડિટ અહેવાલ	૧૪-૭-૮૧
૭.	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમનો સન ૧૯૭૯નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો	૧૫-૭-૮૧
૮.	સન ૧૯૭૫-૭૬ના વર્ષ માટેનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઓડિટ અહેવાલ	૧૫-૭-૮૧
૯.	સન ૧૯૭૬-૭૭ના વર્ષ માટેનો જિલ્લા અને તાલુકા પંચાયતોનો ઓડિટ અહેવાલ	૧૫-૭-૮૧
૧૦. થી ૧૨.	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૭૭--૭૮, ૧૯૭૮-૭૯ના અને ૧૯૭૯-૮૦ના વાર્ષિક વહીવટી અહેવાલો	૧૬-૭-૮૧

વિધાનસભાના પક્ષોમાં થયેલ ફેરફારોની તારીખવાર માહિતી.

૨૫. સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોમાં થયેલા ફેરફારોની તારીખવાર માહિતી **પત્રક ક્રમાંક—૧૭**માં આપવામાં આવી છે.

સત્ર દરમ્યાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૨૬. સત્ર દરમિયાન, જુદાં જુદાં કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયાં તે બતાવતી સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક—૧૮**માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૨૭. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંક—૧૯**માં આપવામાં આવ્યો છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૨૮. સત્ર દરમિયાન જુદાં જુદાં કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે **પત્રક ક્રમાંક—૨૦**માં આપવામાં આવ્યું છે.

શોકદર્શક ઉલ્લેખ

૨૯. સત્ર દરમિયાન ૨ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. જેમાં એક ચાલુ મંત્રી-મંડળના રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને એક ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રીને લગતા હતા. (જુઓ **પત્રક ક્રમાંક—૨૧**)

વિભાજન

૩૦. સત્ર દરમિયાન થયેલી વિભાજનને લગતી માહિતી **પત્રક ક્રમાંક—૨૨**માં આપવામાં આવી છે.

સભાત્યાગ

૩૧. મંગળવાર, તા. ૧૪મી જુલાઈ, ૧૯૮૧ના રોજ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી દરખાસ્તો પર સંયુકત ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ નાણાં મંત્રીશ્રી, સનત મહેતાનો જવાબ સાંજના ૪-૧૫ વાગે પૂરો થતાં, ગિલોટીન લાગુ પાડવામાં આવ્યું. વિરોધપક્ષના સભ્યોએ નાણાં મંત્રીશ્રીને પ્રશ્નો પૂછવા દેવા માટે માગણી કરી અને તે માટે આગ્રહ જારી રાખ્યો. અધ્યક્ષશ્રીએ તે માગણી સ્વીકારી નહિ તેથી, ઉપાધ્યક્ષશ્રી, સિવાયના બધા વિરોધપક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલ પ્રેક્ષકો

૩૨. સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવ્યા હતા.

(૧)	પ્રેક્ષક દીર્ઘામાં આવેલ પ્રેક્ષકો	૨૨૨૫
(૨)	૧૧ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી આવેલ વિદ્યાર્થીઓ	૮૫૦
(૩)	અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૮૭૫
(૪)	અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા મહેમાનો	૩૯૦
(૫)	નામદાર રાજ્યપાલશ્રીની દીર્ઘામાં આવેલા મહેમાનો	—
	કુલ	૪૩૪૦

પત્રક ક્રમાંક—૧

(જુઓ ફકરા ક્રમાંક—૧)

સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલો સમય અને તેની ટકાવારી.

દિવસોની સંખ્યા : ૯ કુલ કલાક ૩૨ ક. ૫૮ મિ.

નંબર	કામકાજ	કામકાજમાં લીધેલ સમય	ટકાવારી
૧	૨	૩	૪
		ક. મિ.	
૧.	પ્રશ્નોત્તરી	૮--૦૦	૨૯
૨.	વિધેયકો		
	(અ) સરકારી	૧૦--૦૭	૩૦
	(બ) બિન--સરકારી	૦ --૦૬	૦૦
૩.	અંદાજપત્ર પર ચર્ચા	૨--૫૦	૧૦
૪.	પ્રસ્તાવો		
	(અ) સભા મોકૂફીના પ્રસ્તાવો		
	(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો		
	(ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત)	૭--૧૩	૨૮
૫.	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા		
૬.	બિન--સરકારી સંકલ્પો	૧--૩૦	૧
૭.	વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા		
૮.	વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા		
૯.	અન્ય બાબતો	૩--૧૨	૨
		૩૨--૫૮	૧૦૦

પત્રક ક્રમાંક—૨

(જુઓ ફકરા ક્રમાંક—૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો : ૯ સભાગૃહની બેઠકો : ૯

વાર તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય	વિશ્રાંતિ	બેઠકનો ખરેખર સમય
૧	૨	૩	૪
			ક. મિ.
સોમવાર, ૬ ઠ્ઠી જુલાઈ, ૧૯૮૧	૧૨-૦૦ થી ૧૨-૫૦	—	૦—૫૦
મંગળવાર, ૭મી જુલાઈ, ૧૯૮૧	૧૨-૦૦ થી ૫-૦૦	૦—૩૦	૪—૩૦
બુધવાર, ૮મી જુલાઈ, ૧૯૮૧	૧૨-૦૦ થી ૫-૩૭	૦—૪૫	૪—૫૩
ગુરુવાર, ૯મી જુલાઈ, ૧૯૮૧	૮-૦૦ થી ૧૦-૪૬	૦—૩૨	૨—૧૪
શુક્રવાર, ૧૦મી જુલાઈ, ૧૯૮૧	૮-૦૦ થી ૧૦-૩૭	૦—૨૩	૨—૧૪
સોમવાર, ૧૩મી જુલાઈ, ૧૯૮૧	૧૨-૦૦ થી ૫-૧૫	૦—૪૫	૪—૩૦
મંગળવાર, ૧૪મી જુલાઈ, ૧૯૮૧	૧૨-૦૦ થી ૪-૩૫	૦—૪૫	૩—૫૦
બુધવાર, ૧૫મી જુલાઈ, ૧૯૮૧	૧૨-૦૦ થી ૫-૨૨	૦—૪૫	૪—૩૭
ગુરુવાર, ૧૩મી જુલાઈ, ૧૯૮૧	૮-૦૦ થી ૧-૫૦	૦—૩૦	૫—૨૦
			૩૨—૫૮

પત્રક ક્રમાંક—૩

(જુઓ ફકરા ક્રમાંક ૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી (સભ્યોનું હાજરીપત્રક)

મતદાર વિભાગ ક્રમાંક	સભ્યોનું નામ	કુલ હાજરી
૧	૨	૩
૧	શ્રી ખરાશંકર વિઠ્ઠલદાસ જોશી	૭
૨	શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવી	૮
૩	શ્રી મોહનલાલ નેમચંદ શાહ	૯
૪	શ્રી વીરજી ભીમજી દાફડા	૭
૫	શ્રી ખીમજીભાઈ જેસંગભાઈ	મા. મંત્રીશ્રી
૬	શ્રી બાબુભાઈ મેઘજી શાહ	૮
૭	કુમારી શાંતાબેન ખીમજીભાઈ ચાવડા	૯
૮	શ્રી અરવિંદકુમાર પ્રાણજીવનભાઈ આચાર્ય	૯
૯	શ્રી ત્રંબકલાલ મોહનલાલ દવે	મા. મંત્રીશ્રી
૧૦	શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા	૯
૧૧	શ્રી જીવુભા ઘેલુભા ઝાલા	૯
૧૨	શ્રી નગીનદાસ માણેકચંદ શાહ	૯
૧૩	શ્રી જીવરાજ થોભણ સરડવા	૯

૧	૨	૩
૧૪	શ્રી વલ્લભભાઈ પોપટલાલ પટેલ	૭
૧૫	શ્રી મંઝરહુસેન અબ્દુલમુતલીબ પીરઝાદા	૯
૧૬	શ્રી મામૈયા હરીભાઈ ડાભી	૯
૧૭	શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા	મા. મંત્રીશ્રી
૧૮	શ્રી મણીલાલ રુગનાથભાઈ રાણપરા	૯
૧૯	શ્રી ભાનુભાઈ ગીગાભાઈ વાઘેલા	૯
૨૦	શ્રી કેશુભાઈ સવદાસ પટેલ	૫
૨૧	શ્રી જમનાદાસ સામજીભાઈ વેકરીયા	૯
૨૨	શ્રી રમણીકભાઈ ધામી	૯
૨૩	શ્રી બળવંતરાય બચુલાલ મણવર	મા. મંત્રીશ્રી
૨૪	શ્રી ભાણજીભાઈ ભીમજીભાઈ પટેલ	૯
૨૫	શ્રી મોહંમદહુસેન કરીમભાઈ બલોચ	મા. મંત્રીશ્રી
૨૬	શ્રી ભાણજી કમા પરમાર	૯
૨૭	——ખાલી——	—
૨૮	શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ	૯
૨૯	શ્રી ભીમસી કેસુર કરંગીયા	૮
૩૦	શ્રી હેમતભાઈ રામભાઈ માડમ	૭
૩૧	કુમારી લીલાબેન ગૌરીશંકર ત્રિવેદી	૨

૧	૨	૩
૩૨	શ્રી શશીકાન્તભાઈ આણંદલાલ લાખાણી	૯
૩૩	શ્રી વિજયદાસજી વિરદાસજી મહંત	મા. મંત્રીશ્રી
૩૪	શ્રી સુકાભાઈ રામાભાઈ આંત્રોલિયા	૯
૩૫	શ્રી મુળજીભાઈ કાળીદાસ હુડકા	૯
૩૬	શ્રી દેવજીભાઈ ભીખાભાઈ વાણવી	મા. મંત્રીશ્રી
૩૭	શ્રી કાળાભાઈ રણમલભાઈ ઝાલા	૭
૩૮	શ્રી રુડાભાઈ દેવશી વાઢેર	૯
૩૯	શ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલા	૯
૪૦	શ્રી ધીરજલાલ કુંલાભાઈ રીબડીયા	૯
૪૧	શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદા	૯
૪૨	શ્રી ગોરધનભાઈ ગોકળભાઈ પટેલ	૯
૪૩	શ્રી બેચરભાઈ માધાભાઈ પલસાણા	૯
૪૪	શ્રી ખોડીદાસ દુર્લભજી ઠક્કર	૯
૪૫	દ્વારકાદાસ મોહનલાલ પટેલ	૭
૪૬	શ્રી મનુભાઈ નારણભાઈ કોટડીયા	—
૪૭	શ્રી અરશીભાઈ કાનાભાઈ કામળીયા	૯
૪૮	શ્રી પ્રતાપભાઈ સુરગભાઈ વરુ	૯
૪૯	શ્રી હાથીભાઈ છેલભાઈ ખાચર	૮

૧	૨	૩
૫૦	શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલ	૯
૫૧	શ્રી નટુભાઈ ભીખાભાઈ ડાભી	૯
૫૨	શ્રી દલસુખભાઈ જેરામભાઈ ગોધાણી	મા. વિરોધપક્ષના નેતાશ્રી
૫૩	શ્રી રામજીભાઈ વલ્લભભાઈ દેસાઈ	૮
૫૪	શ્રી વ્રજલાલ દુર્લભજી જાની	૯
૫૫	શ્રી ધનજીભાઈ હીરાભાઈ બાલધીયા	૯
૫૬	શ્રી કિરીટસિંહ અનોપસિંહ ગોહીલ	મા. મંત્રીશ્રી
૫૭	શ્રી રસિકલાલ નાથાલાલ શાહ	૯
૫૮	શ્રી ત્રંબકલાલ મૂળજીભાઈ પટેલ	૮
૫૯	શ્રી નટવરલાલ ચંદુલાલ શાહ	મા. અધ્યક્ષશ્રી
૬૦	શ્રી પુરુષોત્તમ રવજીભાઈ મકવાણા	મા. મંત્રીશ્રી
૬૧	શ્રી ધુળાભાઈ દલાભાઈ ગોહેલ	૯
૬૨	શ્રી ભાઈલાલ અંબાલાલ પટેલ	૭
૬૩	શ્રી દાઉદભાઈ મીયાંભાઈ પટેલ	૮
૬૪	શ્રી હરિશંકર પંડયા	૬
૬૫	શ્રી ફત્તેસિંહ સોઢા	૯
૬૬	શ્રી ખુમાનસિંહ ગંભીરસિંહ રાઠોડ	૯
૬૭	શ્રીમતી ફોફિલાબેન હરિપ્રસાદ વ્યાસ	મા. મંત્રીશ્રી

૧	૨	૩
૬૮	શ્રી બાબુભાઈ કેશવલાલ વાસણવાળા	૯
૬૯	શ્રી સુરેન્દ્રકુમાર એન. રાજપુત	૮
૭૦	શ્રી વાડીલાલ રતીલાલ કામદાર	૯
૭૧	શ્રી મોહંમદહુસેન બારેજિયા	૭
૭૨	શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ પટ્ટણી	૮
૭૩	શ્રી પ્રબોધભાઈ રાવલ	મા. મંત્રીશ્રી
૭૪	શ્રી મનુભાઈ પરમાર	૯
૭૫	શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ	૯
૭૬	શ્રી અબ્દુલરહીમ તાજજી કંદીવાલા	૮
૭૭	શ્રી રામલાલ રૂપલાલ	૯
૭૮	——ખાલી——	—
૭૯	શ્રી કાસમભાઈ બાપુ લીંબડીયા	૯
૮૦	શ્રી શંકરજી કાળાજી ઠાકોર	૯
૮૧	શ્રી કરસનજી મગનજી ઠાકોર	૯
૮૨	શ્રી હરિભાઈ ખુશાલભાઈ પરમાર	૯
૮૩	——ખાલી——	—
૮૪	શ્રી ઈશ્વરસિંહ શીવાજી ચાવડા	૯
૮૫	ડો. અમરતભાઈ કાળીદાસ પટેલ	૭

૧	૨	૩
૮૬	શ્રી ગંગારામભાઈ ભાઈચંદદાસ પટેલ	૯
૮૭	શ્રી મોહનભાઈ નાથુભાઈ દેસાઈ	૯
૮૮	શ્રી કાનજીભાઈ લલ્લુભાઈ પટેલ	—
૮૯	શ્રી શરીફભાઈ વલીભાઈ બટી	૯
૯૦	શ્રી કેશાજી શંકરજી ઠાકોર	૯
૯૧	શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ પટેલ	૯
૯૨	શ્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલ	૯
૯૩	શ્રી વીરાજી નવાજી ઠાકોર	૯
૯૪	શ્રી ખોડીદાન ભીમજી ઝુલા	મા. મંત્રીશ્રી
૯૫	શ્રી હેમાભાઈ દરધાભાઈ પરમાર	૯
૯૬	શ્રી કાળુભાઈ વિરાભાઈ તરક	૯
૯૭	શ્રી શાંતિલાલ છોટાલાલ ધાણુધરા	૮
૯૮	શ્રી મોહનભાઈ વીસાભાઈ દેસાઈ	૫
૯૯	શ્રી જોઈતાભાઈ કસનાભાઈ પટેલ	૭
૧૦૦	શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ	૭
૧૦૧	શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર	૯
૧૦૨	શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા	૯
૧૦૩	શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઈ ડામોર	૯

૧	૨	૩
૧૦૪	શ્રી લલીતભાઈ ધનજીભાઈ પરમાર	મા. મંત્રીશ્રી
૧૦૫	શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી	૮
૧૦૬	શ્રી નાથાભાઈ દેવજીભાઈ પટેલ	૮
૧૦૭	શ્રી મગનભાઈ મણીભાઈ પટેલ	૮
૧૦૮	શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય	૮
૧૦૯	શ્રી રામસિંહ રૂપસિંહ સોલંકી	૮
૧૧૦	શ્રી ગુણવંતલાલ મણીલાલ પંડયા	૮
૧૧૧	શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર	૮
૧૧૨	શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનીયા	૮
૧૧૩	શ્રી માલસિંહ ફત્તાભાઈ ડામોર	૮
૧૧૪	શ્રી લલીતકુમાર ભગવાનદાસ પટેલ	મા. મંત્રીશ્રી
૧૧૫	શ્રી વીરસિંહ ભુલાભાઈ પસાયા	૮
૧૧૬	શ્રી રમણભાઈ પટેલ	૮
૧૧૭	શ્રી શાંતિલાલ પરસોત્તમભાઈ પટેલ	૮
૧૧૮	શ્રી ઉદેસિંહ મોહનભાઈ બારીયા	૮
૧૧૯	શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ	૮
૧૨૦	શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ ખાલપા	૮
૧૨૧	શ્રી પર્વતસિંહ ધમીરસિંહ પરમાર	૮

૧	૨	૩
૧૨૨	શ્રી ધિરેન્દ્રસિંહજી વિરભદ્રસિંહજી સોલંકી	૯
૧૨૩	શ્રી બદિયાભાઈ મુળજીભાઈ ગોંદિયા	૯
૧૨૪	શ્રી છત્રસિંહજી અમરસિંહજી સોલંકી	૯
૧૨૫	શ્રી બુધાજી જીતાજી ચૌહાણ	૯
૧૨૬	શ્રી યાસિનમીયાં યુસુફમીયાં મલેક	૯
૧૨૭	શ્રી હરિહરભાઈ ઉમિયાશંકર ખંભોળજા	મા. મંત્રીશ્રી
૧૨૮	શ્રી મગેનભાઈ ગોકળભાઈ ઝાલા	૯
૧૨૯	શ્રી બંસીલાલ બાપાલાલ પંડયા	૮
૧૩૦	શ્રી બલવંતસિંહ સુધનસિંહ સોઢા	૯
૧૩૧	શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ	૯
૧૩૨	શ્રી અમરસિંહજી ભૂપતસિંહજી વાઘેલા	૯
૧૩૩	શ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી	૯
૧૩૪	શ્રી ગોવિંદભાઈ જેશંગભાઈ પટેલ	૯
૧૩૫	શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચૌહાણ	૯
૧૩૬	શ્રીમતી શાન્તાબેન યોગેન્દ્રકુમાર મકવાણા	૪
૧૩૭	શ્રી પરસોત્તમભાઈ ચતુરભાઈ પટેલ	૯
૧૩૮	શ્રી ઉમેદભાઈ ફતેસિંહ ગોહેલ	૯
૧૩૯	શ્રી માધવસિંહ કુલસિંહ સોલંકી	મા. મુખ્યમંત્રીશ્રી

૧	૨	૩
૧૪૦	શ્રી વિજયસિંહજી લધુભા ચુડાસમા	૮
૧૪૧	શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવા	૯
૧૪૨	શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા	૯
૧૪૩	શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ	૯
૧૪૪	શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ તડવી	૯
૧૪૫	શ્રી ઉમાકાંત રતનલાલ જોશી	૮
૧૪૬	શ્રી પ્રભાતસિંહ જોરસિંહ પરમાર	૯
૧૪૭	શ્રી મકરન્દભાઈ બળવંતરાય દેસાઈ	૬
૧૪૮	ડો. શિરિષકુમાર મનુભાઈ પુરોહિત	૮
૧૪૯	શ્રી ચંદ્રકાંત નંદલાલ પટેલ	મા. મંત્રીશ્રી
૧૫૦	શ્રી સનતકુમાર મગનલાલ મહેતા	મા. મંત્રીશ્રી
૧૫૧	શ્રી મહેન્દ્રસિંહ તખતસિંહ ચૌહાણ	૯
૧૫૨	શ્રી જીતુભાઈ સોમાભાઈ પરમાર	૯
૧૫૩	શ્રી હરગોવિંદદાસ ખુશાલદાસ નાગર	૯
૧૫૪	શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી	મા. મંત્રીશ્રી
૧૫૫	શ્રી પ્રભાતસિંહ બાવાભાઈ મકવાણા	૯
૧૫૬	શ્રી મહંમદભાઈ હાફેજી ઈસ્માઈલ પટેલ	૭
૧૫૭	શ્રી નાથુભાઈ નરોત્તમભાઈ પટેલ	૯
૧૫૮	શ્રી રેવાદાસ લીમજીભાઈ વસાવા	૯
૧૫૯	શ્રી રામજીભાઈ હીરાભાઈ વસાવા	૯
૧૬૦	શ્રી પ્રેમસીંગ દેવજીભાઈ વસાવા	૮

૧	૨	૩
૧૬૧	શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ વસાવા	૭
૧૬૨	શ્રી મનસુખલાલ જનિયાભાઈ વસાવા	૯
૧૬૩	શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીત	૯
૧૬૪	શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી	મા. મંત્રીશ્રી
૧૬૫	શ્રી ધનજીભાઈ કરશનભાઈ ઢોડિયા	૯
૧૬૬	શ્રી જીતુભાઈ છીતુભાઈ હળપતિ	૯
૧૬૭	શ્રી નારણભાઈ વનમાળીભાઈ રાઠોડ	૯
૧૬૮	શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ	૯
૧૬૯	શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર	૮
૧૭૦	શ્રી જશવંતસિંહ દાનસિંહ ચૌહાણ	૯
૧૭૧	શ્રી મોહમદભાઈ ગુલામ મોહીયુદ્દીન સુરતી	મા. મંત્રીશ્રી
૧૭૨	શ્રીમતી ઉપાબેન બાબુભાઈ પટેલ	૮
૧૭૩	શ્રી વસંતભાઈ પરભુભાઈ પટેલ	૨
૧૭૪	શ્રી મોહનભાઈ રણછોડભાઈ તળાવીયા	૯
૧૭૫	શ્રી દીનકર ભીખુભાઈ દેસાઈ	૯
૧૭૬	શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ	૯
૧૭૭	શ્રી ગોવિંદભાઈ માહુજીયાભાઈ પટેલ	૯
૧૭૮	શ્રી દોલતભાઈ નાથુભાઈ દેસાઈ	૯
૧૭૯	શ્રી શંકરભાઈ રવજીભાઈ પટેલ	૮
૧૮૦	શ્રી બરજુલભાઈ નવલાભાઈ પટેલ	૮
૧૮૧	શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ	૯
૧૮૨	શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ પટેલ	૯

પત્રક ક્રમાંક—૪

(જુઓ ફકરા ક્રમાંક—૩)

સભ્યોની તારીખવાર હાજરી દર્શાવતું પત્રક

(મા. અધ્યક્ષશ્રી, મા. મંત્રીશ્રીઓ તથા મા. વિરોધપક્ષના નેતાશ્રી સિવાય)

ક્રમાંક	તારીખ	હાજરી	ગેરહાજરી	કુલ
૧	૨	૩	૪	૫
૧	૬--૭--૮૧	૧૪૬	૧૦	૧૫૬
૨	૭--૭--૮૧	૧૫૦	૬	૧૫૬
૩	૮--૭--૮૧	૧૫૩	૩	૧૫૬
૪	૯--૭--૮૧	૧૫૨	૪	૧૫૬
૫	૧૦--૭--૮૧	૧૪૫	૧૧	૧૫૬
૬	૧૩--૭--૮૧	૧૩૬	૨૦	૧૫૬
૭	૧૪--૭--૮૧	૧૪૨	૧૪	૧૫૬
૮	૧૫--૭--૮૧	૧૪૨	૧૪	૧૫૬
૯	૧૬--૭--૮૧	૧૩૭	૧૯	૧૫૬

પત્રક ક્રમાંક—૫

(જુઓ ફકરા ક્રમાંક—૪)

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

પ્રશ્નનો પ્રકાર	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	તારાંકિત-માંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા	સભ્યશ્રીએ દાખલ થયેલ પ્રશ્ન પાછા ખેંચી લીધા	ત્રીજાસત્ર દરમ્યાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈશકેલા અતારાંકિત પ્રશ્નો	ગૃહમાં જવાબ આપ્યા	બે દિવસોએ બેઠકો ન હોવાથી રજૂ ન થઈ શકેલા તારાંકિત પ્રશ્નોને અતારાંકિત ગણવામાં આવ્યા.	નિયમ ૮૭અ અન્વયે સભા-ગૃહના મેજ ઉપર મૂક્યા	સત્ર સમાપ્તિ-ના દિવસે જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
ટૂંકી મુદત	૪૩	૪	૩૮	—	—	—	૩	—	—	—
તારાંકિત	૯૯૨	૫૨૯*	૪૬૩	૬૫	—	—	૪૪૩	૮૬	—	—
અતારાંકિત	૫૨૬	૨૪૯	૨૭૭	૬૫	—	૧૨૨	૨૪૯	૮૬	૧૪૯	૧૦

*આમાં ટૂંકી મુદત તરીકે આવેલ પરંતુ તારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ એક પ્રશ્નનો સમાવેશ થાય છે.

પત્રક ક્રમાંક—૬

(જુઓ ફકરા ક્રમાંક—૪)

ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અનુ.નં	વિભાગ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	મંત્રીશ્રી સંમત	મંત્રીશ્રી અસંમત	સભ્યશ્રીએ દાખલ થયેલા પ્રશ્નો પાછા ખેંચી લીધા.	ગૃહમાં રજૂ થયા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧.	સામાન્ય વહીવટ	૧	—	૧	〃	—	—	—
૨.	નાણા	૧	〃	૧	〃	〃	〃	—
૩.	કાયદા	—	〃	—	〃	〃	—	—
૪.	સિંચાઇ	૨	—	૨	〃	〃	〃	—
૫.	મહેસૂલ	—	—	—	—	—	—	—
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૨	—	૨	—	—	—	—

૭. શિક્ષણ	૪	–	૩	–	–	–	–
૮. ગૃહ	૧૫	૨	૧૩	૨	–	–	૨
૯. ઉદ્યોગ, ખાણ અને વીજળી	૩	૧	૨	૧	–	–	૧
૧૦. ખેતી, વન અને સહકાર	૨	–	૨	–	–	–	–
૧૧. અન્ન અને નાગરિક પુરવઠા	૨	૧	૧	–	૧	–	–
૧૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૮	–	૮	–	–	–	–
૧૩. સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	૨	–	૨	–	–	–	–
૧૪. મકાનો અને માર્ગવ્યવહાર	૧	–	૧	–	–	–	–
૧૫. શ્રમ અને રોજગાર	–	–	–	–	–	–	–
કુલ	૪૩	૪	૩૮	૩	૧	–	૩

પત્રક ક્રમાંક—૭

(જુઓ ફકરા ક્રમાંક—૪)

તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અ. નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	તારાંકિત તરીકે દાખલ કર્યા	તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા	દાખલ કર્યા	ગૃહમાં જવાબ આપ્યા	બે દિવસોએ બેઠકો ન હોવાથી રજૂ ન થઈ શકેલા તારાંકિત પ્રશ્નોને અતારાંકિત ગણવામાં આવ્યા.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	સામાન્ય વહીવટ વિભાગ	૩૬	૧૮	—	૧૮	૧૮	—
૨.	નાણા	૨૬	૧૩	—	૧૩	૧૩	—
૩.	કાયદા	૧૪	૭	—	૭	૭	—
૪.	સિંચાઈ	૭૯	૪૨	૫	૩૭	૨૮	૧૪
૫.	મહેસૂલ	૪૭	૨૬	૫	૨૧	૨૬	—

૬. પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ	૫૩	૨૮	૩	૨૫	૨૦	૮
૭. શિક્ષણ	૬૩	૩૩	૨	૩૦	૩૨	૧
૮ ગૃહ	૧૧૭	૭૧	૨૫	૪૬	૭૧	–
૯. ઉદ્યોગ, ખાણ અને વીજળી	૮૨	૪૧	–	૪૧	૪૧	–
૧૦. ખેતી, વન અને સહકાર	૧૧૮	૬૦	૨	૫૮	૩૮	૨૨
૧૧. અન્ન અને નાગરિક પુરવઠા	૧૦૨	૫૨	૨	૫૦	૩૫	૧૭
૧૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૭૮	૪૭	૧૬	૩૧	૩૫	૧૨
૧૩. સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	૭૦	૩૫	–	૩૫	૩૧	૪
૧૪. મકાનો અને માર્ગવ્યવહાર	૮૨	૪૨	૨	૪૦	૩૪	૮
૧૫ શ્રમ અને રોજગાર	૨૫	૧૪	૩	૧૧	૧૪	–
કુલ	૯૯૨	૫૨૯	૬૧	૪૬૩	૪૪૩	૮૬

પત્રક ક્રમાંક—૮

(જુઓ ફકરા ક્રમાંક—૪)

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

આ.નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિત માંથી અતારાંકિત કર્યા.	અગાઉના સત્ર દરમ્યાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયેલા.	દાખલ ન કરેલા	ગૃહમાં જવાબ આપ્યા	બે દિવસોએ બેઠકો ન હોવાથી રજૂ ન થઈ શકેલા તારાંકિત પ્રશ્નોને અતારાંકિત ગણવામાં આવ્યા.	નિયમ-૮૭અ. અન્વયે મેજ ઉપર મૂકયા.	સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧.	સામાન્ય વહીવટ	૩૧	૧૧	–	૧૧	૨૦	૧૧	–	૩	–
૨.	નાણાં	૯	૪	–	૧	૫	૨	–	૧	–
૩.	કાયદા	૨	–	–	૨	૨	૩	–	–	–
૪.	સિંચાઈ	૩૯	૧૮	૫	૬	૨૧	૧૧	૧૪	૧૬	૧
૫.	મહેસૂલ	૩૮	૧૮	૫	૧૬	૨૦	૧૮	–	૮	૧
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૨૩	૧૩	૩	૯	૧૦	૨૨	૮	૧૧	૧

૭. શિક્ષણ	૨૪	૧૪	૨	૯	૧૦	૧૨	૧	૬	–
૮. ગૃહ	૧૪૦	૭૪	૨૫	૧૬	૬૬	૭૭	–	૬૩	૧
૯. ઉદ્યોગ, ખાણ અને વીજળી	૩૬	૭	–	૩	૨૯	૬	–	૩	–
૧૦. ખેતી, વન અને સહકાર	૪૧	૧૮	૨	૧૦	૨૩	૧૫	૨૨	૩	૪
૧૧. અન્ન અને નાગરિક પુરવઠા	૬૫	૮	૨	૭	૭	૯	૧૭	૬	–
૧૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૬૦	૩૧	૧૬	૬	૨૯	૨૧	૧૨	૧૬	૧
૧૩. સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	૧૮	૧૩	=	૬	૫	૧૩	૪	૯	–
૧૪. મકાનો અને માર્ગવ્યવહાર	૪૪	૧૭	૨	૧૭	૨૭	૨૫	૮	૧૧	૧
૧૫. શ્રમ અને રોજગાર	૬	૩	૩	૩	૩	૪	–	૩	–
કુલ	૫૨૬	૨૪૯	૬૫	૧૨૨	૨૭૭	૨૪૯	૮૬	૧૪૯	૧૦

પત્રક

(જુઓ ફકરા

સરકારી

અ.નં.	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખ	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી
૧	૨	૩	૪	૫
૧.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક—૨૩—સન ૧૯૮૧-નું ગુજરાત જાહેર જગ્યા-ઓ (અનધિકૃત ભોગવટો કર-નારાઓ પાસે ખાલી કરાવવા) બાબત (સુધારા) વિધેયક.	૨૭--૨--૮૧	મકાનો અને માર્ગ-વ્યવહાર વિભાગ	મકાન અને માર્ગ-વ્યવહાર મંત્રીશ્રી ખોડીદાન ઝુલા.
૨.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક -૨૫—સન ૧૯૮૧નું મુંબઈ જમીન સુધારણા યોજના (ગુજરાત સુધારા) વિધેયક.	૧૨--૩--૮૧	ખેતી, વન અને સહકાર વિભાગ	ખેતી મંત્રીશ્રી મહંત વિજયદાસજી
૩.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક -૩૧—સન ૧૯૮૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	૨૪--૩--૮૧	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	પંચાયત અને નગરપાલિકા મંત્રીશ્રી ત્રંબકલાલ દવે
૪.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક -૩૨—સન ૧૯૮૧નું ગુજરાત માલ હેરફેર વેરા (સુધારા) વિધેયક.	૨૪--૩--૮૧	ગૃહ વિભાગ	રાજ્યકક્ષાના વાહન-વ્યવહાર મંત્રીશ્રી મહમદ સુરતી

ક્રમાંક—૯

ક્રમાંક—૫)

વિધેયકો

દાખલ થયાની તારીખ	પહેલા વાંચનની તારીખ	બીજા વાંચનની તારીખ	ત્રીજા વાંચનની તારીખ	સુધારા		શેરો
				જેની સૂચના મળી	જે રજૂ કરવામાં આવ્યા	જે પસાર કરવામાં આવ્યા
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨ ૧૩
૨૭--૨--૮૧	૨૪--૩--૮૧	૨૪--૩--૮૧	૧૬--૭--૮૧	૨	૧	==
૧૨--૩--૮૧	૧૦--૭--૮૧	૧૦--૭--૮૧	૧૦--૭--૮૧	૪	--	--
૧૦--૭--૮૧	૧૦--૭--૮૧	૧૦--૭--૮૧	૧૦--૭--૮૧	૨	૧	૧
૯--૭--૮૧	૯--૭--૮૧	૯--૭--૮૧	૧૫--૭--૮૧	૨	૧	૧

૧	૨	૩	૪	૫
૫.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક -૪૩—સન ૧૯૮૧નું ગુજરાત મેરી ટાઈમ બોર્ડ વિધેયક.	૨૩--૬--૭૧	મકાન અને માર્ગ વ્યવહાર વિભાગ	બંદરો બાબતના મંત્રીશ્રી મહંત વિજયદાસજી
૬.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક -૪૪—સન ૧૯૮૧નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.	૨૬—૬--૮૧	મહેસૂલ વિભાગ	મહેસૂલ મંત્રીશ્રી માધવસિંહ સોલંકી
૭.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક -૪૬—સન ૧૯૮૧નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક.	૭--૭--૮૧	શ્રમ અને રોજગાર વિભાગ	શ્રમ મંત્રીશ્રી સનત મહેતા
૮.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક --૫૦--સન ૧૯૮૧નું ગુજરાત (દ્વિતિય પૂરક) વિનિયોગ વિધેયક	૧૪--૭--૮૧	નાણા વિભાગ	નાણા મંત્રીશ્રી સનત મહેતા

ક્રમાંક--૯ (પૂર્ણ)

૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧૩--૭--૮૧	૧૩--૭--૮૧	૧૫--૭--૮૧	૧૫--૭--૮૧	૪૦	૭	૩
૧૩--૭--૮૧	૧૩--૭--૮૧	૧૩--૭--૮૧	૧૩--૭--૮૧	૩	૧	–
૧૬--૭--૮૧	૧૬--૭--૮૧	૧૬--૭--૮૧	૧૬--૭--૮૧	–	–	–
૧૬--૭--૮૧	૧૬--૭--૮૧	૧૬--૭--૮૧	૧૬--૭--૮૧	–	–	–

પત્રક ક્રમાંક—૧૦

(જુઓ ફકરા ક્રમાંક—૯)

સન ૧૯૮૧-૮૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ

રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા	અનુ. ક્રમ	ચર્ચાયેલી માગણીઓ: માગણી નંબર	ચર્ચાયેલી માગણીઓ: જોગવાઈ જેને લગતી હોય તે સેવા અને હેતુ	ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા
૧	૨	૩	૪	૫
			સામાન્ય વહીવટ વિભાગ	
૪૬	૧	૫	સામાન્ય વહીવટ વિભાગ	૩૨
			ખેતી, વન અને સહકાર વિભાગ	
	૨	૨૫	સહકાર	
	૩	૨૭	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	
			ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ	
	૪	૫૮	વીજળી પ્રાયોજનાઓ	
			નાણા વિભાગ	
	૫	૧૨	નાણાં વિભાગને લગતું બીજું ખર્ચ	
			અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ	
	૬	૧૮	નાગરિક પુરવઠો	
			આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	
	૭	૪૫	જાહેર આરોગ્ય	
			શિક્ષણ વિભાગ	
	૮	૪૦	શિક્ષણ	
			ગૃહ વિભાગ	
	૯	૪૯	પોલીસ	
			સિંચાઈ વિભાગ	
	૧૦	૭૦	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	

પત્રક ક્રમાંક—૧૧

(જુઓ ફકરા ક્રમાંક—૧૦)

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦)

મળેલ સૂચનાઓની સંખ્યા	નામંજૂર કરેલ કે પાછી ખેંચી લીધેલ વિગેરે	દાખલ કરેલ સૂચનાની સંખ્યા	દાખલ કરેલ સૂચનાઓનો વિષય ટૂંકમાં	સૂચના આપનાર મંત્રીશ્રી/સભ્યશ્રીનું નામ	ચર્ચાયાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૭	—	૭	૧. પશુચિકિત્સા તાલીમ અને વ્યવસાય અને તેની સાથે સંબંધ ધરાવતી અથવા તેને સહાયક અને આનુષંગિક બાબતો સહિત તમામ બાબતો સંસદે કાયદો કરીને ગુજરાત રાજ્યમાં નિયમિત કરવા અંગેનો બંધારણની કલમ ૨૫૨ (૧) અન્વયેનો પ્રસ્તાવ.	ખેતી મંત્રી શ્રી મહંત વિજયદાસજી	...	...	...
			૨. સન ૧૯૪૮ના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ નિયમોને સુધારતી મકાનો અને માર્ગવ્યવહાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	...

૧	૨	૩	૪	૫	૬	૭	૮
			વિભાગની તા. ૩જી ફેબ્રુઆરી, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક: જીએચ/૬૫/૫૫/૮૧/ બીઆરએ-૧૦૭૫/૩૯૪૯-એન (૧) ને સુધારવા બાબતનો પ્રસ્તાવ.			
			સન ૧૯૬૯ના ગુજરાત વેચાણ-વેરા અધિનિયમ અન્વયે નાણા વિભાગની તા. ૨૯-૪-૭૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૬૨૭)જીએસટી-૧૦૭૦/(એસ. ૪૯)-થ ને સુધારતી :—			
૩.			તા. ૩૧-૧-૮૧ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૭) જીએસ-ટી/૧૦૮૧/(એસ. ૪૯)- (૯૫) -થને સુધારવા બાબતનો પ્રસ્તાવ.	શ્રી જસવંતસિંહ ચૌહાણ	...	...	...
૪.			તા. ૪-૨-૮૧ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૯) જીએસ-ટી-૧૦૮૧/ (એસ. ૪૯)-થ ને સુધારવા બાબતનો પ્રસ્તાવ.	શ્રી જસવંતસિંહ ચૌહાણ	...	...	...

૫.	તા. ૧૮-૨-૮૧ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૧૧) જીએસટી/૧૦૮૧/(એસ ૪૯) -(૯૮)થને રદ કરતો પ્રસ્તાવ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	...
૬.	સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન કર અધિનિયમ અન્વયે ગૃહ વિભાગની તા. ૩૧-૧-૮૧ની અધિસૂચના ક્રમાંક : જીએચ/ જી/૮૧/૪૦/એમટીએ/૧૭૮૦/ ૧૯૭૪-ઈ૨ને સુધારવા બાબતનો પ્રસ્તાવ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	...
૭.	સન ૧૯૮૧ના ગુજરાત હેરફેર નિયમોના મુસદ્દાને મંજર કરવા અંગેનો વૈધાનિક પ્રસ્તાવ.	ખેતી મંત્રીશ્રી મહંત વિજયદાસજી	...	...	...

પત્રક ક્રમાંક—૧૨

(જુઓ ફકરા ક્રમાંક—૧૪)

ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

મળેલ સૂચનાઓની સંખ્યા	નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે	દાખલ કરેલી	દાખલ કરેલી સૂચનાઓનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રી	ચર્ચાયાની તારીખ ચર્ચા માટે આપવામાં આવેલ સમય
૧	૨	૩	૪	૫	૬
૧૭	૧૬	૧	દૂધના વધતા જતા ભાવ અંગે	શ્રી કૃષ્ણવદન પરચીગર	તા. ૧૫-૭-૮૧ના રોજ બાબત ન્યાયાધીન હોવાના કારણે ગૃહમાં ચર્ચાઈ ન હતી.

પત્રક ક્રમાંક—૧૩

(જુઓ ફકરા ક્રમાંક—૧૫)

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬)

મળેલી સૂચનાઓની સંખ્યા	દાખલ કરેલી સૂચનાઓ	દાખલ કરેલ સૂચનાનો વિષય (ટૂંકમાં)	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	બાબત પર ધ્યાન દોર્યા તારીખ
૧	૨	૩	૪	૫
૮૪	૮ (૧૭ સૂચનાઓ એકત્રિત કરતા)	૧. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ખોરવાયેલો વિદ્યુત વ્યવહાર	શ્રી શાંતિલાલ પટેલ (શ્રી રમણિકભાઈ ધામી અને શ્રી મોહનભાઈ ના. દેસાઈ)	૭--૭--૧૯૮૧
		૨. કોલસાના અપૂરતા પુરવઠાને કારણે ઉદ્યોગોને પડતી મુશ્કેલી	શ્રી શાંતિલાલ પટેલ (શ્રી દિનશા પટેલ અને શ્રી બાબુભાઈ વાસણવાળા)	૮--૭--૧૯૮૧
		૩. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના ચાંદલી ગામમાંથી થયેલી હિજરત અંગે	શ્રી રમણિકભાઈ ધામી (શ્રી ભાણજીભાઈ પટેલ અને શ્રી જશવંતસિંહ ચૌહાણ)	૯--૭--૧૯૮૧
		૪. ઓકટ્રોય નાબૂદી અંગે	શ્રી મોહંમદહુસેન બારેજિયા (શ્રી જશવંતસિંહ ચૌહાણ)	૧૦--૭--૧૯૮૧

૧	૨	૩	૪	૫
	૫.	અમદાવાદની પ્રજા ઉપર તોળાતો રોગચાળાનો ભય.	શ્રી મોહંમદહુસેન બારેજિયા	૧૩--૭--૧૯૮૧
	૬.	પંચમહાલ જિલ્લામાં કાતરાનો ઉપદ્રવ	શ્રી વિરજીભાઈ મુનીયા	૧૪--૭--૧૯૮૧
	૭.	સરકારની નવી નીતિથી તેલમાં ભાવ વધારો	શ્રી દિનશા પટેલ (શ્રી શાંતિલાલ પટેલ અને શ્રી બાબુભાઈ વાસણવાળા)	૧૫--૭--૧૯૮૧
	૮.	ધોરાજીમાં અશાંતિ	શ્રી રમણિકભાઈ ધામી	૧૬--૭--૧૯૮૧

પત્રક ક્રમાંક—૧૪

(જુઓ ફકરા ક્રમાંક—૧૭)

દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો

અ.નં.	વિધેયકની ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી સભ્યશ્રી	દાખલ થયા તારીખ	વિધેયકનો ક્રમાંક	વિધેયક ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭
૧	સન ૧૯૮૧નું ગુજરાત આર્થિક રીતે પછાત લોકોના કલ્યાણ માટેના બોર્ડ બાબત વિધેયક	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	૯--૭--૮૧	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક--૪૮	૯--૭--૮૧

પત્રક ક્રમાંક—૧૫

(જુઓ ફકરા ક્રમાંક—૧૮)

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો

અ. નં.	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	વિભાગનું નામ	પ્રભારી સભ્યશ્રીનું નામ	શેરો
૧	૨	૩	૪	૫
૧.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૧૯૮૦નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક.	કાયદા વિભાગ	શ્રી શાંતીલાલ પી. પટેલ	–
૨.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક--૧૩-સન ૧૯૮૦નું ગુજરાતનું ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક.	શ્રમ અને રોજગાર વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	–
૩.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક--૧૪-સન ૧૯૮૦નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી કાનજીભાઇ એલ. પટેલ	–
૪.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૧૯૮૧નું ગુજરાત ખેત-મજૂર વેતન સહાય વિધેયક.	શ્રમ અને રોજગાર વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	–
૫.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૧૯૮૧નું ગુજરાત ખેત મજૂર ગૃહનિર્માણ કોરપોરેશન વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	–

૬.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૧૯૮૧નું ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	--
૭.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૧૯૮૧નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક	શિક્ષણ વિભાગ	શ્રી શશીકાન્ત લાખાણી	
૮.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૧૯૮૧નું ગુજરાત ઔદ્યોગિક કામદાર મકાન ઉપબંધ વિધેયક.	શ્રમ અને રોજગાર વિભાગ	શ્રી શશીકાન્ત લાખાણી	--
*૯.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૨૭-સન ૧૯૮૧નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી કૃષ્ણવદન પરચીગર	--
૧૦.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૭-સન ૧૯૮૧નું મુંબઈ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક	કાયદા વિભાગ	શ્રી શશીકાન્ત લાખાણી	--
*૧૧.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૮-સન ૧૯૮૧નું ગુજરાત છૂટક, હંગામી અને બદલી કામદાર (વેતન) વિધેયક.	શ્રમ અને રોજગાર વિભાગ	શ્રી શશીકાન્ત લાખાણી	--
૧૨.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૯-સન ૧૯૮૧નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિ-જાતિ વિકાસ વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	--
૧૩.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૦-સન ૧૯૮૧નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક.	શ્રમ અને રોજગાર વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	--

૧	૨	૩	૪	૫
*૧૪.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૧-સન ૧૯૮૧નું ગુજરાત રાજ્ય સરકારની નીતિઓ અને કાર્યક્રમોનાં અમલ કરવા માટે જિલ્લા સમિતિઓ બાબત વિધેયક.	સામાન્ય વહીવટ વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	--
૧૫.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૨-સન ૧૯૮૧નું ગુજરાતનું ઝાડુંવાળાઓને વિનામુલ્યે ઘરથાળની જમીનના પ્લોટો વહેંચવા બાબત વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી શશીકાન્ત લાખાણી	--
૧૬.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૮-સન ૧૯૮૧નું ગુજરાત આર્થિક રીતે પછાત લોકોના કલ્યાણ માટેના બોર્ડ બાબત વિધેયક.	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	--

*આ ૩ વિધેયકો વાંચન માટે તા.. ૯-૭-૮૧ના રોજની દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતાં, પરંતુ પ્રભારી સભ્યશ્રીઓએ પહેલા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો ન હતો.

પત્રક ક્રમાંક—૧૬

(જુઓ ફકરા ક્રમાંક—૧૯)

બિન-સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

અ. નં.	સૂચનાનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચા માટેની તારીખ	પરિણામ
૧	૨	૩	૪	૫
૧.	નશાબંધીના કડક અમલ માટે સમિતિની રચના	શ્રી ધીરજલાલ રીબડીયા	૧૬-૭-૧૯૮૧	ચર્ચાને અંતે મત લેવાતા સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો.
૨.	રાજ્યમાં કાયમી વીજળીની તંગી નિવારવા સમિતિની રચના.	શ્રી દિનશા પટેલ	૧૬-૭-૧૯૮૧	સભ્યશ્રીએ સંકલ્પ રજૂ કર્યો નહિ.

પત્રક ક્રમાંક—૧૭

(જુઓ ફકરા ક્રમાંક—૨૫)

વિધાનસભાના પક્ષોમાં થયેલ ફેરફારોની તારીખવાર માહિતી

તારીખ	કુલ સંખ્યા	કોં. પક્ષ(આઈ)	જનતાપક્ષ (જે.પી.)	ભારતીય જનતા પક્ષ	જનતા પક્ષ (એસ.) ચરણસિંહ	અપક્ષ	ખાલી
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૧-૪-૮૧	૧૮૨	૧૪૦	૨૧	૧૦	૧	૮	૨

અપક્ષ સભ્યશ્રી નટુભાઈ ભીખાભાઈ ડાભી તા. ૨૧-૪-૮૧ના રોજ કોંગ્રેસ(આઈ)માં જોડાયા અને તેની તા.૭-૭-૮૧ના રોજ ગૃહમાં જાહેરાત કરી.

૨૮-૪-૮૧	૧૮૨	૧૩૯	૨૧	૧૦	૧	૮	૩

કોંગ્રેસ(આઈ)ના સભ્યશ્રી અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી ભાવસિંહજી ઝાલાનું અવસાન થતાં.

૨-૭-૮૧	૧૮૨	૧૪૧	૧૯	૧૦	૧	૮	૩

જનતા પાર્ટી(જે.પી.)ના બે સભ્યશ્રીઓ સર્વશ્રી જીવુભા ઘેલુભા ઝાલા અને શ્રી કેશાજી શંકરજી ઠાકોર કોંગ્રેસ(આઈ)માં જોડાયા અને તેની તા. ૭-૭-૮૧ના રોજ ગૃહમાં જાહેરાત કરી.

૩-૭-૮૧	૧૮૨	૧૪૨	૧૮	૧૦	૧	૮	૩

જનતા પક્ષ (જે.પી.)ના સભ્યશ્રી ઉમાકાન્ત રતનલાલ જોષી કોંગ્રેસ(આઈ)માં જોડાયા અને તેની તા. ૭-૭-૮૧ના રોજ ગૃહમાં જાહેરાત કરી.

૭-૭-૮૧	૧૮૨	૧૪૨	૧૯	૧૦	૧	૭	૩

અપક્ષ સભ્યશ્રી મામૈયા હરિભાઈ ડાભી કોંગ્રેસ (આઈ)માં અને કોંગ્રેસ(આઈ)ના સભ્યશ્રી ઉમાકાન્ત રતનલાલ જોષી જનતાપક્ષ (જે.પી.)માં જોડાયા અને તે દિવસે ગૃહમાં જાહેરાત કરી.

૮-૭-૮૧	૧૮૨	૧૪૩	૧૯	૧૦	૧	૬	૩

અપક્ષ સભ્યશ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય કોંગ્રેસ(આઈ)માં જોડાયા અને તે દિવસે ગૃહમાં જાહેરાત કરી.

૯-૭-૮૧	૧૮૨	૧૪૪	૧૮	૧૦	૧	૬	૩

જનતાપક્ષ (જે.પી)ના સભ્યશ્રી મોહનભાઈ વીસાભાઈ દેસાઈ કોં.પક્ષ(આઈ)માં જોડાયા અને તે દિવસે ગૃહમાં જાહેરાત કરી.

પત્રક ક્રમાંક—૧૮

(જુઓ ફકરા ક્રમાંક—૨૬)

સભાઓની તારીખવાર યાદી

(ખરેખર કામકાજ થયા પ્રમાણેની)

જુલાઈ, ૧૯૮૧

સોમવાર, તા. ૬ઠ્ઠી — શોક દર્શક ઉલ્લેખ.

મંગળવાર, તા. ૭મી — (૧) શોકદર્શક ઉલ્લેખ.

(૨) સન ૧૯૮૧–૮૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત.

(૩) નિયમ-૯૩ અન્વયેનો નીચેના પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

"રાજ્યની છઠ્ઠી પંચવર્ષીય યોજનાનો ખરડો વિચારણામાં લેવામાં આવે."

બુધવાર, તા. ૮મી — (૧) નિયમ-૯૩ અન્વયેના નીચેના પ્રસ્તાવ પર ચર્ચા (બીજા અને છેલ્લો દિવસ)

"રાજ્યની છઠ્ઠી પંચવર્ષીય યોજનાનો ખરડો વિચારણામાં લેવામાં આવે."

ગુરૂવાર, તા. ૯મી — **સરકારી વિધેયકો**

(૧) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૧૯૮૧નું ગુજરાત માલ હેરફેર વેરા (સુધારા) વિધેયક (પહેલું, બીજું અને કલમવાર વાંચન)

(૨) દાખલ થયેલ બિન-સરકારી વિધેયક સભ્યશ્રી જશવંતસિંહ ચૌહાણનું સન ૧૯૮૧નું ગુજરાત આર્થિક રીતે પછાત લોકોના કલ્યાણ માટેના બોર્ડ બાબત વિધેયક.

શુક્રવાર, તા.૧૦મી — **સરકારી વિધેયકો**

(૧) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક–૩૧-સન ૧૯૮૧નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૧૯૮૧નું મુંબઈ જમીન સુધારણા યોજના (ગુજરાત સુધારા) વિધેયક.

શનિવાર, તા. ૧૧મી — રજા.

રવિવાર, રજા.
તા.૧૨મી

સોમવાર, **સરકારી વિધેયકો**
તા. ૧૩મી

(૧) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૪-સન ૧૯૮૧નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૩-સન ૧૯૮૧નું ગુજરાત મેરી ટાઈમ બોર્ડ વિધેયક (ચર્ચા ચાલુ).

મંગળવાર, પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (પહેલો અને છેલ્લો દિવસ).
તા. ૧૪મી

બુધવાર, **સરકારી વિધેયકો**
તા. ૧૫મી

(૧) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૨-સન ૧૯૮૧નું ગુજરાત માલ હેરફેર વેરા (સુધારા) વિધેયક (ત્રીજું વાંચન).

(૨) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૩-સન ૧૯૮૧નું ગુજરાત મેરિટાઈમ બોર્ડ વિધેયક.

ગુરુવાર, ૧. **સરકારી વિધેયકો**
તા. ૧૬મી

(૧) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૫૦-સન ૧૯૮૧નું ગુજરાત (દ્વિતિય પૂરક) વિનિયોગ વિધેયક.

(૨) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૧૯૮૧નું ગુજરાત જાહેર જગ્યાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસે ખાલી કરાવવા) બાબત (સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૬-સન ૧૯૮૧નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક.

૨. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

ગુજરાતની મોટી નદીઓના કાંઠાની જમીનો, ખાડીઓ અને દરિયાકાંઠાની જમીનોનું પૂર, ભરતી અને બીજી કુદરતી આફતોને લીધે જમીનોનું ધોવાણ થાય છે. આવા વિસ્તારોના પુનઃ વસવાટ અને ખેતી વિકાસ માટે જરૂરી ઉપાયો શોધીને કડીબદ્ધ પગલાં લેવા રાજ્ય સરકારને અનુરોધ કરવા બાબતનો વિ.સ.સ. શ્રી જીતુભાઈ સો. પરમારનો પ્રસ્તાવ.

૩. બિન-સરકારી સંકલ્પો.

પત્રક ક્રમાંક—૧૯

(જુઓ ફકરા ક્રમાંક—૨૭)

રોજરોજના કામકાજનો સારાંશ

સોમવાર, તા. ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૮૧

મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના ચાલુ સભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી, શ્રી ભાવસિંહજી દાનસિંહજી ઝાલાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને શોકાંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતાશ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી મકરંદ દેસાઈ, શ્રી હરિસિંહ ચાવડા, શ્રી અશોક ભટ્ટ, શ્રી ઈશ્વરસિંહ ચાવડા, શ્રી હરિભાઈ પરમાર, શ્રી યાસિનમિયાં મલેક, શ્રી બાબુભાઈ વાસણવાળા, શ્રીમતી શાંતાબહેન મકવાણા, શ્રી શંકરજી ઠાકોર, સિંચાઈ મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી, શ્રી મનુભાઈ પરમાર, શ્રી મોહનભાઈ ના. દેસાઈ અને નાણા મંત્રીશ્રી સનત મહેતાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી. ત્યારપછી સભ્યોએ થોડીવાર ઊભા થઈ મૌન પાળ્યું.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

ત્યારપછી મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું કે સ્વર્ગસ્થના માનમાં બીજું કંઈપણ કામકાજ કર્યા વગર સભાગૃહની બેઠક મોકૂફ રાખવામાં આવે. વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણીએ તેને અનુમોદન આપ્યું અને ગૃહે તેનો સ્વીકાર કર્યો.

અધ્યક્ષશ્રીએ તા. ૬ઠ્ઠી અને ૭મી જુલાઈ, ૧૯૮૧નું કામકાજ કયારે લેવામાં આવશે તે અંગેની જાહેરાત કરી.

સ્વર્ગસ્થના માનમાં કંઈપણ કામકાજ કર્યા વગર સભાગૃહ મુલતવી રહ્યું.

મંગળવાર, તા. ૭મી જુલાઈ, ૧૯૮૧

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ અપક્ષ સભ્ય, શ્રી નટુભાઈ ડાભી, જનતાપક્ષ (જે.પી.)ના સભ્યો શ્રી જીવુભા ભે. ઝાલા, શ્રી કેશાજી શં. ઠાકોર અને શ્રી ઉમાકાન્ત જોશી અને અપક્ષ સભ્ય શ્રી મામૈયાભાઈ હ. ડાભી કોંગ્રેસ પક્ષ (આઈ)માં જોડાયા હોવાની જાહેરાતો કરી.

૩. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય શ્રી કિશોરસિંહજી કાળુસિંહજી પરમારના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી શાંતિલાલ પટેલ, શ્રી ભાણજીભાઈ પટેલ, શ્રી પર્વતસિંહ પરમાર, શ્રી જીવાભાઈ ડામોર, શ્રી વીરજીભાઈ મુનિયા, શ્રી અશોક ભટ્ટ અને નાયબ મંત્રી શ્રી લલિતકુમાર પટેલે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોને થોડીવાર ઊભા થઈ મૌન પાળ્યું.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

૪. શ્રી શાંતિલાલ પટેલે, નિયમ ૧૧૬ અન્વયે, નીચેની જાહેર અગત્યની બાબત પર મુખ્ય મંત્રીશ્રી (વીજળી)નું ધ્યાન દોર્યું:—

"ગુજરાતનાં કેટલાક વિદ્યુત એકમોમાં યાંત્રિક ખામીને કારણે તાજેતરમાં રાજ્યના ઘણા વિસ્તારોમાં ખોરવાઈ ગયેલા વિદ્યુત પ્રવાહને લીધે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં".

મુખ્ય મંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૫. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા:—

(૧) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમનો સન ૧૯૭૫-૭૬નો પાંચમો વાર્ષિક અહેવાલ .....સિંચાઈ મંત્રીશ્રી, અમરસિંહ ચૌધરી,

(૨) સામાન્ય વહીવટ વિભાગનું મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ અને નાયબ મંત્રીઓ મુસાફરી ભથ્થાં હુકમ ૧૯૮૧ને ઘડતું તા. ૪થી એપ્રિલ, ૧૯૮૧નું જાહેરનામું ક્રમાંક ગસ/૮૧-૧૬(૧)એમટીઆર--૧૧૮૧ : સંપ્ર.....મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકી.

(૩) ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ ૧૯૭૨ હેઠળ પંચાયત સેવાને આવશ્યક સેવા તરીકે જાહેર કરતું સામાન્ય વહીવટ વિભાગનું તા. ૮મી મે, ૧૯૮૧નું જાહેરનામું ક્રમાંક-જીએસ-૩૭-૮૧/એમઈએસ/૧૦૮૧/ગ-૨,.....મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી..

(૪) ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ હેઠળ વીજ ઉત્પાદન અને વીજ પુરવઠાની વહેંચણી કરતાં એકમોને આવશ્યક સેવા તરીકે જાહેર કરતું ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગનું તા. ૪થી મે, ૧૯૮૧નું જાહેરનામું ક્રમાંક જીએચયુ-૮૧-૫૫-એઈસી--૧૦૭૯--૧૨૯૭૪--કે, ...મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકી.

(૫) ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ને સુધારતું ખેતી, વન અને સહકાર વિભાગનું તા. ૬-૫-૧૯૮૧નું જાહેરનામું ક્રમાંક--જીએચકેએચ--૮૦--૮૧--આઈડીસી--૧૦૭૯-૩૯૦૯૯-બી ..... મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી.

(૬) કપાસ હેરફેર અધિનિયમ, ૧૯૨૩ની કલમ ૭ હેઠળ રાજ્ય સરકારે ઘડવા ધારેલા ગુજરાત કપાસ હેરફેર નિયમો, ૧૯૮૧નો મુસદ્દો.....મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

(આ બાબત કામકાજની યાદીમાં કૃષિ મંત્રીના નામ સામે દર્શાવવામાં આવી હતી, પરંતુ તેમનું નામ જ્યારે ગૃહમાં પોકારવામાં આવ્યું ત્યારે તેઓ હાજર ન હતા તેથી અધ્યક્ષ-શ્રીએ જણાવ્યું કે ઉકત બાબત ઉચિત નથી અને સંબંધિત મંત્રીશ્રીએ યોગ્ય સમયે ગૃહમાં હાજર રહેવું જોઈએ).

(૭) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની—

(ક) ધી બોમ્બે ડીનેચર્ડ સ્પીરીટ રૂલ્સ, ૧૯૫૯ને સુધારતી તા. ૯મી માર્ચ, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક જીએચ એલ૩/ડીએનએસ/૧૦૭૩/૪૪૦૭૦(૮૦)એમ,

(ખ) ધી ગુજરાત મિથાઈલ આલ્કોહોલ રૂલ્સ, ૧૯૭૯ને સુધારતી તા. ૩૧મી માર્ચ, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક જીએચ એલ/૬/ડીએનએસ/૧૦૮૦/૬૪૦૮/૮૧(i)એમ,

(ગ) ધી ગુજરાત ડીનેચર્ડ સ્પીરીચ્યુઅલ પ્રીપેરેશન (બીજો સુધારો) રૂલ્સ ૧૯૭૯ને સુધારતી તા. ૩૧મી માર્ચ, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક.જીએચએલ/૭/ડીએનએસ/૧૦૮૦ ૬૪૦૮/૮૧,

(ઘ) ધી બોમ્બે ડીનેચર્ડ સ્પીરીટ (બીજો સુધારો) રૂલ્સ, ૧૯૭૯ને સુધારતી તા. ૩૧મી માર્ચ ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક.જીએચ/એલ/૮/ડીએનએસ/૧૦૮૦/૬૪૦૮(૮૧)(iii) એમ,

(ચ) મુંબઈ રાજ્યના મહેસૂલ વિભાગની તા. ૨૩મી જુલાઈ, ૧૯૪૯ની અધિસૂચના ક્રમાંક ૧૦૫૦૪/૩૯ને સુધારતી તા. ૧લી એપ્રિલ, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક જીએચ/એલ/૧૧/એફએલઆર/૧૦૭૯/૧૩૪૧૩(૮૧)(iii)એમ,

(છ) ધી બોમ્બે ફોરેન લીકર અને રેકટીફાઈડ સ્પીરીટ (ટ્રાન્સપોર્ટ) ફીઝ રૂલ્સ, ૧૯૫૪ને સુધારતી તા. ૧લી એપ્રિલ, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક જીએચ/એલ/૧૨/એફએલઆર ૧૦૭૯/૧૩૪૧૩/(૮૧)(iv)એમ,

(જ) શિક્ષણ અને મજૂર વિભાગની તા. ૨૬મી ડિસેમ્બર ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક જીએચ/એસએચ/બીપીઓ/૧૧૬૬/૮૫૪૭૪/પીને સુધારતી તા. ૧લી એપ્રિલ ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક જીએચ એલ/૧૩/એફએલઆર/૧૦૭૯/૧૩૪૧૩/(૮૧)(v)એમ,

(ઝ) ગુજરાત સ્પીરીટ ડીનેચરીંગ રૂલ્સ, ૧૯૬૪ને સુધારતી તા. ૧૪મી એપ્રિલ, ૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક જીએચ-એલ/ડીએનએસ--૧૦૭૭/૬૦૯૦૫(૮૦)-એમ.....નાયબ નશાબંધી મંત્રી, શ્રી લલિતભાઈ પરમાર.

